# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ 02 તા: 12-04-2021

**પશ્ચિમ બંગાળમાં ટી.એમ.સી. ના નેતા દ્વારા ડૉ.આંબેડકર અને અનુસુચિત જાતિના અપમાન સામે કાર્યવાહી કરવા પ્રદેશ ભાજપ અનુસુચિત જાતિ મોરચા દ્વારા કલેકટરને આવેદન પત્ર અપાયું.**

----------

**પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તેમના નેતા સામે કડકમાં કડક કાર્યવાહી કરી ધરપકડ કરવામાં આવે તેમજ તેમના પક્ષ ટી.એમ.સી.ની માન્યતા રદ્દ કરવામાં આવે તેવી માંગણી કરેલ છે.**

----------

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા.૧૨.૦૪.૨૦૨૧ના કલેકટરશ્રી અમદાવાદને પ્રદેશ ભાજપ અનુસુચિત જાતિ મોરચાના અધ્યક્ષ ડૉ. પ્રધુમન વાજાની અધ્યક્ષતામાં આવેદનપત્ર આપવામાં આવ્યું, જેમાં ગઈકાલે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના નેતા એક ચુંટણીસભામાં દેશના બંધારણના ઘડવૈયા ભારતરત્ન બાબા સાહેબ આંબેડકર અને દલિતોનું જાહેરમાં ઘોર અપમાન કરી કહ્યું હતું કે, દલિત સ્વભાવ થી જ ભિખારી હોય છે અને અભાવથી પણ ભિખારી હોય છે, આવા વિવાદિત નિવેદનના કારણે ટી.એમ.સી.ના સુપ્રીમો મમતા બેનર્જી તેમજ તેમના નેતાની દલિત વિરોધી માનસિકતા છતી થાય છે તેમજ દેશમાં વધતા કરોડો અનુસુચિત સમાજના લોકો અને ડૉ.બાબાસાહેબ આંબેડકરનું હળાહળ અપમાન કર્યું છે, તે માટે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તેમના નેતા સામે કડકમાં કડક કાર્યવાહી કરી ધરપકડ કરવામાં આવે તેમજ તેમના પક્ષ ટી.એમ.સી.ની માન્યતા રદ્દ કરવામાં આવે તેવી માંગણી કરેલ છે.

જ્યારે એક તરફ દેશના વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દલિતોના ઉત્થાન અને સામજિક સમરસતા માટે સતત કાર્યરત છે, ત્યારે ગઈકાલના પશ્ચિમબંગાળમાં દલિતો વિરુદ્ધ જે ઉચ્ચારો થયા છે, તે મમતા બેનર્જીની ટી.એમ.સી. ની માનસિકતા ઉજાગર કરે છે. ભારત દેશમાં વસતા કરોડો દલિતો વતી આ આવેદનપત્ર આપવામાં આવેલ હતું.

આ આવેદનપત્ર આપતા સમયે અનુસુચિત મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી પ્રધુમન વાજા સાથે મોરચાના મહામંત્રી વિક્રમ ચૌહાન, પૂર્વ ધારાસભ્ય જીતુ વાઘેલા, મોરચાના મંત્રી ડૉ. આનંદ મકવાણા, કોર્પોરેટર હેમંત પરમાર, અમિત જ્યોતીરકર, ઉમંગ સરવૈયા, મહેન્દ્ર પરમાર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**ડૉ. યજ્ઞેશ દવે**
**પ્રદેશ મીડિયા કન્વીનર**